## જન્મદિને વધામણી


કિન્નર ઝવેરી
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૪૦ ૨૧૧૩૫


હરિન ભટ્ટ
સ્કલ્પચર આર્ટીસ્ટ


સુરેશકુમાર રત્નોત્તર
ગાયક, મો. ૯૪૨૮૧ ૧૧૨૯૩


વિભૂતિબા છત્રસિંહ ચૌહાણ


યોગેશ બી નાયી
સરપંચ, કોબા ગ્રામ પંચાયત
મો. ૯૪૨૬૦ ૬૩૪૭૧


મિહીર સુખદેવભાઈ દવે
મો. ૮૭૩૪૯ ૫૭૬૭૮


ક્રિશા યોગેશભાઈ રાઠોડ
મો. ૯૯૦૯૫ ૪૭૨૧૫


ધર્મેશ કનુભાઈ શ્રીમાળી
મો. ૯૬૬૨૭ ૮૮૬૦૦

# ગાંધીનગરમાં પોલીસનો લોખંડી બંદોબસ્ત

ગાંધીનગર, તા.૧૪
કાશ્મીરમાં ૩૭૦ની કલમ હટાવાયા પછી દેશમાં આંતકી હુમલાની દહેશત વ્યકત કરવામાં આવી છે. ત્યારે ગાંધીનગર જિલ્લા પોલીસ તંત્ર પણ એલર્ટ મોડ પર રાખવામાં આવ્યું છે. જિલ્લાના તમામ એન્ટ્રી-એકઝીટ પોઈન્ટ તેમજ મહત્વના સ્થળો પર વાહનોનું સઘન ચેકીંગ કરવામાં આવી રહ્યું છે.તો બીજીતરફ શંકાસ્પદ વ્યકિતઓની હિલચાલ પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. કલોલ ખાતે જિલ્લા કક્ષાના કાર્યક્રમ સ્થળ સહિત સમગ્ર જિલ્લામાં સ્વાતંત્ર દિન અને રક્ષાબંધનના તહેવારના દિવસે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસે ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો છે.


''મા''ના હાથે પીસાતો ''અમૃત'' ભર્યો આટો

વિશ્વ ખૂબ જ તેજ ગતિએ ટેકનોલોજીના સહારે આગળ વધી રહ્યું છે જેના કારણે ઝડપથી આપણી સામાજિક વ્યવસ્થાઓ બદલાઈ રહી છે. ટેકનોલોજી માનવીનું કાર્ય આસાન બનાવે છે. ટેકનોલોજીએ મોટા મોટા ઉદ્યોગોથી માંડીને ઘરના રસોડાની પણ શકલ બદલી નાંખી છે, હવે તો ઘરમાં ઈલેકટ્રીક ઘરઘંટી પણ આઉટડેટ થઈ રહી છે અને રેડીમેડ આટા બજારની ''રંક''માં ઉપલબ્ધ છે. જોકે આટલી ટેકનોલોજીના વિકાસ છતાં હજુ પણ માનવીના મનમાં ક્યાંક પૌરાણિક પદ્ધતિમાં રહેલી ''આત્મીયતા'' અને ''મિઠાશ''ની ખોટ વર્તાય છે જે સાચો ''સંતોષ'' પુરો પાડે. એટલે જ કેટલાક ઘર એવા પણ છે જે તૃપ્તીના ઓડકાર માટે હાથેથી ઘંટી ચલાવીને પીસાતા આટાનો જ આગ્રહ રાખે છે અને એમાં પણ ''મા''નો હાથ ફરે એટલે તો જાણે અમૃત ભળ્યું'' આ તસવીર નિહાળતા જ ફરી એ જ ''જમાના''ની યાદ તાજી થયા વિના થોડી બાકી રહે ?

# ગ્રામ્ય સ્તરે તબીબી સેવાનો વ્યાપ વધારવા નિર્ણય થયો

**નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની જાહેરાત : ગ્રામ્ય સ્તરે ડોક્ટરની ત્રણ વર્ષની ફરજિયાત સેવા ઘટાડીને એક વર્ષ કરાઈ : બોન્ડ-ગેરન્ટીની રકમ વધારી ૨૦ લાખ**

ગાંધીનગર, તા.૧૪
નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યુ છે કે, રાજયના છેવાડાના માનવી સુધી ગુણવત્તાલક્ષી આરોગ્ય સારવાર પુરી પાડવા માટે રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. તબીબી શિક્ષણ મેળવ્યા બાદ ગ્રામ્ય સ્તરે ડોકટરોએ ફરજીયાત ત્રણ વર્ષની સેવાઓ આપવાની થતી હતી તે ઘટાડીને હવેથી એક વર્ષની સેવાઓ ગ્રામ્ય સ્તરે આપવાની રહેશે જેની સાથે વિદ્યાર્થીઓએ ૫ લાખના બોન્ડ ઉપરાંત હવેથી ૧૫ લાખની વધારાની બેંક ગેરન્ટી આપવાની રહેશે. નાયબ મુખ્યમંત્રી પટેલે ઉમેર્યુ કે, રાજયના પ્રા.આ.કેન્દ્ર, સા.આ.કેન્દ્ર અને સરકારી હોસ્પિટલોમાં તબીબોની ઘટને પહોંચી વળવા માટે ધારાસભ્યઓ અને નાગરિકો દ્વારા મળેલ રજુઆતોને ધ્યાને લઈને આ મહત્વનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. રાજ્ય સરકાર સંચાલિત મેડીકલ કોલેજોમાં જે વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવીને અભ્યાસ કરતાં હોય છે તેઓને ગામડામાં ત્રણ વર્ષની ફરજીયાત નોકરી અને ૫ લાખના બોન્ડ લેવામાં આવે છે તેમાં મહત્વનો સુધારો કરીને હવેથી તેઓની સેવાઓ ત્રણ વર્ષના બદલે એક વર્ષ સુધી લેવાશે અને ૫ લાખના બોન્ડની સાથે-સાથે ૧૫ લાખની બેંક ગેરન્ટી ૩૦૦ના સ્ટેમ્પ પેપર ઉપર અલગથી આપવાની રહેશે. જે વિદ્યાર્થીઓને ડોકટર બન્યા બાદ ગ્રામ્ય સ્તરે એક વર્ષની સેવાઓ ન આપવી હોય તો તેઓએ ૨૦ લાખ રાજ્ય સરકારમાં ભરવાના રહેશે અને આ રકમ ભર્યા બાદ જ ગુજરાતમાં ખાનગી પ્રેક્ટીસ કરવા માટેનું પ્રમાણપત્ર મેડીકલ કાઉન્સીલ દ્વારા આપવામાં આવશે ત્યારબાદ જ તેઓ પ્રેક્ટીસ કરી શકશે. પટેલે ઉમેર્યુ કે, મેડીકલ બોન્ડમાં આ સુધારાઓ કરવાથી આવનારા સમયમાં રાજયમાં વ્યાપક પ્રમાણમાં તબીબો ઉપલબ્ધ થશે અને જે ઘટ છે તે ચોક્કસ ઓછી થશે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ભાઈ, તારે જીવનમાં કાંઈ ખોટ નથી... આ વર્ષે તારું આધારકાર્ડ - પાનકાર્ડ સાથે લીન્ક થઈ જાય... એવા બહેનનાં આશીર્વાદ છે...

# શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા ચિત્ર સ્પર્ધા

ગાંધીનગર, તા. ૧૪
શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ, ગાંધીનગર દ્વારા શ્રી ગણપતિના થીમ આધારિત વેલકમ ગણેશ-ચિત્ર સ્પર્ધાનું આયોજન આગામી તા. ૨૫મી ઓગષ્ટના રોજ સવારે ૧૦ થી ૧૨ દરમ્યાન સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ, સેક્ટર-૮ ખાતે કરવામાં આવ્યું છે.
આ સ્પર્ધા ગૃપ એ-૧ થી ૫ ધોરણ, ગૃપ-૫ થી ૧૦ ધોરણ, ગૃપ-સી ઓપન કેટેગરી (૧૭ વર્ષથી વધુ) એમ ૩ વિભાગમાં આવશે. તેમજ કલર જાતે લાવવાના રહેશે. આ સ્પર્ધામાં વિશાળ સંખ્યામાં ભાગ લઈને કાર્યક્રમને સફળ બનાવવા તમામ શાળાના પ્રિન્સિપાલ તેમજ શિક્ષક ગણને વિદ્યાર્થીઓને ભાગ લેવા જણાવાયુ છે.

# દલિત સાહિત્ય અકાદમી દ્વારા ઉધમસિંહનું પોટ્રેટ મુકવા માંગણી

ગાંધીનગર, તા.૧૪
દલિત સાહિત્ય અકાદમીના ચેરમેન પ્રવીણભાઈ ગઢવી તરફથી રજુઆત કરવામાં આવેલ છે કે કચ્છમાં શ્યામજી કૃષ્ણવર્મા શહીદ સ્વાતંત્ર્ય વીરોના મ્યુઝિયમમાં દરેકના પોટ્રેટ મુકવામાં આવેલ છે. પરંતુ જનરલ ડાયરને ગોળી મારી વીંધનાર દલિત ઉધમસિંહનું પોટ્રેટ મુકેલ નથી. સરકારી તરફથી પોટ્રેટ મુકવાની મંજુરી મુખ્યમંત્રીશ્રીએ પણ આપી દીધેલ છે પરંતુ જીએમડીસીના અધિકારીઓની આપખુદીથી છેલ્લા ઘણા સમયથી આ પ્રશ્ને નકારાત્મક વલણ અપનાવેલ છે. સ્વાતંત્ર્યદિન નિમિત્તે ઉધમસિંહનું પોટ્રેટ મુકાય તેવી દલિત સાહિત્ય અકાદમીની માંગણી છે.


સે-૩ સાંઈબાબા મંદિર ખાતે સદભાવના ફાઉન્ડેશન અને એમ.બી. પટેલ હોસ્પિટલ ઈસનપુરના સહયોગથી નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો હતો. જેનો શહેરીજનોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.


# સે-૭ ખાતે સિમ્બર સમવાય બ્રહ્મ સમાજ દ્વારા ઉપનયન વિધી

ગાંધીનગર, તા.૧૪
સિમ્બર સમવાય ઔદિચ્ય બ્રહ્મસમાજ અમદાવાદ-ગાંધીનગર દ્વારા ઉપનયન બદલવાની સંસ્કાર વિધિ તા.૧૫ ઓગસ્ટને ગુરુવારના રોજ સવારે ૮.૩૦ કલાકે સેકટર-૭ ખાતે આવેલા કોમ્પ્યુનિટી હોલ ખાતે ચેતનભાઈ મહેતાના આચાર્ય પદે રાખવામાં આવી છે. આ વિધિમાં લતિત મહેતા અને પિનાકીન જોશી સહાયક શાસ્ત્રી તરીકે બિરાજમાન થશે. તો જ્ઞાતિની સાધારણ સભા પણ આજ દિવસે રાખવામાં આવી છે. એટલું જ નહી આ પ્રસંગે જ્ઞાતિના તેજસ્વી તારલાઓને પણ સન્માનવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે તેમ પ્રમુખ ઉમેશભાઈ જોશીએ જણાવ્યું છે.


ગાંધીનગરના જાણીતા કિશોર કલાસીસના વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા રક્ષાબંધન પર્વ ઉજવાયું હતું. જેમાં કલાસીસની બહેનોએ શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓને રાખડી બાંધી કંકુ ચોખાથી વધાવ્યા હતા શિક્ષકોએ બહેનોને ઉજજવળ ભવિષ્ય માટે આશીર્વાદ આપ્યા હતા.

# આજે ડૉ. અનિલ પટેલનો વિશિષ્ટ સિદ્ધિ પુરસ્કાર અપાશે

ગાંધીનગર, તા. ૧૪
ગાંધીનગર જિલ્લાકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીનું આયોજન કલોલ ખાતે કરવામાં આવ્યું છે. જેમાં રાજ્યના મહેસુલ મંત્રી કૌશિકભાઈ પટેલ, જિલ્લા કલેક્ટર એસ.કે. લાંઘા તથા અધિક નિવાસી કલેક્ટર એચ.એમ. જાડેજાના હસ્તે વિશિષ્ટ સિદ્ધિ પુરસ્કાર એનાયત કરાશે. ગાંધીનગર ખાતે નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી તથા ગાંધીનગર સમાચારના કટાર લેખક ડૉ. અનિલ પટેલ આ સમારંભમાં સન્માન સ્વીકારશે.



ગાંધીનગરમાં ૧૯૯૫થી વિજ્ઞાનના પ્રચાર અને પ્રસારની કામગીરી કરતી અને બાલ વૈજ્ઞાનિકો તૈયાર કરતી જાણીતી વિજ્ઞાન સંસ્થા નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરની સ્થાપના ડૉ. અનિલ પટેલ દ્વારા કરવામાં આવી છે. આ ઉપરાંત તેઓ શહેર તથા જિલ્લામાં અંધશ્રદ્ધા નિર્મૂલ્ય ક્ષેત્રે કાર્યરત રહી રેશનલ સમાજમાં પણ તેમની સેવાઓ આપી રહ્યાં છે. ડૉ. અનિલ પટેલ શહેરમાં પર્યાવરણ જાગૃતિ બાબતે ઉમદા યોગદાન આપવા સાથે નોંધપાત્ર સંખ્યામાં વૃક્ષોનું વાવેતર અને જતન કરી રહ્યાં છે. ગાંધીનગર સમાચારમાં તેમની કટાર 'ખજાનો' યુવા વર્ગમાં સામાન્ય જ્ઞાનનો વધારો કરવા સાથે લોકપ્રિય બની છે. ડૉ. અનિલ પટેલને સન્માન બદલ ગાંધીનગર સમાચાર પરિવાર અભિનંદન પાઠવે છે.

## રખડતા ઢોર

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**
ગાંધીનગરનો સ્માર્ટ સીટીમાં સમાવેશ થયો છે. પરંતુ હજુ સ્માર્ટ સીટીને આનુસંગિક વ્યવસ્થાઓ ઉભી કરવા માટે ઘણુ બધુ ખુટે છે. શહેરના જાહેર જનજીવનમાં નાગરિકોને ડગલે ને પગલે જોખમી સ્થિતિમાં મુકાવવુ પડે છે. વરસાદી દિવસોમાં ઠેર ઠેર ગાબડાઓ અસ્તિત્વમાં આવ્યા છે. જયારે શહેરના જાહેર સ્થળો પર ખાડે ગયેલી પાર્કીંગ વ્યવસ્થાના લીધે પણ માર્ગ સલાતમી જોખમાઈ છે. બીજીતરફ શહેરમાં રખડતા ઢોરને પકડવાની વાત પણ વિસરાઈ ગઈ છે. કાર્પોરેશનના તંત્ર દ્વારા માત્ર નાટકીય ઝુંબેશ હાથ ધરાતા હાલની સ્થિતિએ સમગ્ર શહેરમાં રખડતા ઢોરનુ સામ્રાજય છે. સેકટરોના આંતરિક વિસ્તાર તેમજ મુખ્યમાર્ગો પર નજર નાંખો ત્યાં રખડતા ઢોર નજરે પડે છે. શહેરના મુખ્યમાર્ગો પર કયારેક દોડતા વાહનો કરતા માર્ગ વચાળે જ અડીંગો જમાવી બેઠેલા ઢોરની સંખ્યા વધુ હોય છે. આ સ્થિતિ વચ્ચે અનેકવાર વાહનચાલકો અકસ્માતનો ભોગ બને છે. પશુપાલકો મનસ્વી રીતે ઢોરને ખુલ્લા મુકી દે છે. જેના લીધે શહેરના શાકમાર્કેટ , શોપિંગ બજાર, સહીત રહેણાંક વિસ્તાર અને નગરના મુખ્યમાર્ગો પર રખડતા ઢોરની સતત અવરજવરથી માર્ગ સલામતી જોખમાવાની સાથે અનેક પ્રશ્નો નાગરિકો માટે શિરદર્દ બન્યા છે. શહેરમાં રખડતા ઢોરના લીધે સેકટરોમાં મહીલાઓ અને બાળકો માટે પણ જોખમી સ્થિતિ સર્જાઈ છે જયારે ગંદકીની સમસ્યા પણ હઠીલી બની છે. કોર્પોરેશન દ્વારા શહેરમાં રખડતા ઢોરને પકડવા માટે પણ ઈચ્છા થાય તે મુજબ ક્યારેક નાટકીય ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. જેના લીધે સેકટરોના કોમન પ્લોટ , આંતરિક રસ્તાઓ બગીચાઓ, શોપિંગ સેન્ટર અને મુખ્યમાર્ગો પર રખડતા ઢોરનો અડ્ડો જોવા મળી રહ્યો છે. માર્ગ વચાળે અડીંગો જમાવી બેઠેલા ઢોર ગમે ત્યારે વચ્ચે દોડતા વાહનચાલકો અકસ્માતનો ભોગ બને છે. શહેરના માર્ગો પર ઘણીવાર વાહનો કરતા રખડતા ઢોરની સંખ્યા વધુ જોવા મળે છે. પાટનગરના હાર્દસમા વિસ્તારમાં છેવાડાના ગામ કરતા પણ બદતર દ્રશ્યો જોવા મળી રહ્યા છે.

## બિલ્ડીંગ બનશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**પૂણે, કોઈમ્બતૂર થિલ્સૂર, કોચીન, મૈસુરમાં કામગીરી ધરાવે છે.
શોભા ડ્રીમ હાઈટ્સમાં બે ટાવરમાં ૪૭૪ યુનિટ હશે. જેનો કુલ સુપર બિલ્ટ એરિયા ૫.૨૪ લાખ ચો.મી. હશે. પ્રોજેકટમાં આધુનિક સુવિધાઓ સાથે ૧ બીએચકે અને ૨ બીએચકે એપાર્ટમેન્ટ ઓફર કરશે. એમાં વૉટર વૉલ સાથે ૩ માળનું એક પ્રકારનું ક્લબહાઉસ સામેલ હશે જે ૮૦૦૦ ચો. ફીટના વિશાળ એરિયાને આવરી લેશે.
ગિફ્ટ સીટી પ્રોજેક્ટમાં આ બે રેસિડેન્સીયલ ટાવર એ આગામી દિવસોમાં વધુ એક આકર્ષણનું કેન્દ્ર બનશે.

## પહેલું સુખ તે...●

**ચોથા પાનાનું ચાલુ**
સ્વાસ્થ્ય મેળવી શકે. એટલું ચોકકસ છે કે આધ્યાત્મિક રીતે સ્વસ્થ કે ઉન્નત થવું હોય તો શારીરિક, માનસિક અને સામાજીક સ્વસ્થતા કેળવવી જ પડે. જો શારીરિક રોગોથી ગ્રસ્ત પથારીવશ હોઈએ, જો માનસિક રીતે વ્યગ્ર અને ઉચાટયુકત હોઈએ, અને જો પરવ્યક્તિ, સમાજ, દેશ, અને વિશ્વ સાથે સદભાવ ન રાખતા હોઈએ તો આધ્યાત્મિક ઉન્નતિ (સ્વાસ્થ્ય) શક્ય જ નથી.
તો આ ચાર પ્રકારે આપને સ્વસ્થ હોવું ખૂબ જરૂરી છે. આજના સ્વતંત્રતા દિવસે આપણે ધીમે ધીમે યથાશક્તિ સંપૂર્ણ સ્વાસ્થ્ય કેળવવા તરફ આગળ વધીએ અને રોગો સામે આઝાદ થઈએ.
સૌને રક્ષાબંધન અને સ્વતંત્રતા દિવસની ખૂબ શુભેચ્છાઓ...
(M)૯૮૭૯૪૭૧૧૪૭

## સ્વતંત્રતા દિવસ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**
છે. આ વખતે સ્વતંત્રતા દિવસના પ્રસંગે વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીના સતત છઠ્ઠા ઐતિહાસિક સંબોધનને લઈને લોકોમાં ભારે ઉત્સુકતા છે. મોદીને લાલ કિલ્લા પરથી સાંભળવા માટે તમામ તૈયારી કરી લેવામાં આવી છે. મોદીના ભાષણની તૈયારી પૂર્ણ કરી લેવામાં આવી છે. મોદી જ્યારે ભાષણ કરશે ત્યારે આશરે ૧૦૦૦૦ લોકો હાજર રહેશે.હાલમાં સુરક્ષા સંસ્થાઓ સંપૂર્ણપણે સાવધાન છે. વડાપ્રધાનના આવાસથી લઈને લાલ કિલ્લા સુધી લોંખડી સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. ભાષણ દરમિયાન પ્રથમ વખત એમઆઈ-૧૭ હેલિકોપ્ટર તૈનાત રાખવામાં આવનાર છે. આ ઉપરાંત એન્ટી વાયુ સેના હિંડન એરબસ પણ કોઈ પણ ખતરાને પહોંચી વળવા માટે તૈયાર છે. હજુ સુધી સ્વતંત્રતા દિવસના પ્રસંગે માત્ર એમઆઈ-૩૫ તૈનાત કરવામાં આવતા હતા પરંતુ આ વખતે અતિ આધુનિક હથિયારો સાથે સજ્જ એમઆઈ-૧૭ પણ તૈનાત રહેશે. ઉંચી ઈમારતો પર એન્ટી એરક્રાફ્ટ ગન ગોઠવી દેવામાં આવી છે. ૩૬૦ ઈમારતો પર એન્ટી એરક્રાફ્ટ ગન તૈનાત કરવામાં આવી ચુકી છે. સીસીટીવી કેમરાની સંખ્યા બે ગણી કરી દેવામાં આવી છે. હવાઈ દળના આઠ હેલિકોપ્ટર માત્ર લાલ કિલ્લાની આસપાસ જ નહી બલ્કે સમગ્ર દિલ્હી -એનસીઆર પર નજર રાખશે. સુરક્ષા માટે ફુલપ્રુફ પ્લાન અમલી છે. સાવચેતીના તમામ પગલા લેવાયા છે.

## વીરતા પુરસ્કાર

● **અનુસંધાન પહેલાનું ચાલુ**
કરવામાં આવશે. આ તમામ મિરાજ ૨૦૦૦ યુદ્ધ વિમાનના પાયલોટ તરીકે હતા. આ તમામ પાયલોટોએ ખુબ જ ચોકસાઈપૂર્વક પાકિસ્તાનના બાલાકોટમાં જૈશના અડ્ડાઓ ઉપર હવાઈ હુમલા કર્યા હતા અને અડ્ડાઓને ફૂંકી માર્યા હતા. આ તમામ સાહસી પાયલોટો દુશ્મનને નુકસાન પહોંચાડીને સુરક્ષિતરીતે ભારતીય હવાઈ સીમામાં પરત ફર્યા હતા. અભિનંદને બાલાકોટ એરસ્ટ્રાઈક બાદ પાકિસ્તાની યુદ્ધ વિમાનોને જોરદાર જવાબ આપ્યો હતો. સ્વતંત્રતા દિવસના પ્રસંગે દર વર્ષની જેમ આ વખતે પણ વીરતા પુરસ્કારની જાહેરાત આજે કરવામાં આવી હતી. વાયુસેનાના વિંગ કમાન્ડર અભિનંદન વર્ધમાનને વીર ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા છે. અભિનંદને બાલાકોટમાં પાકિસ્તાની ત્રાસવાદીઓના અડ્ડા પર ભારતે એરસ્ટ્રાઈક કર્યા બાદ પાકિસ્તાનના દુસાહસને નિષ્ફળ કરીને પાકિસ્તાનનુ એફ-૧૬ વિમાન તોડી પાડ્યુ હતુ. જો કે આ ગાળા દરમિયાન અભિનંદનનુ વિમાન તુટી પડ્યુ હતુ. જેથી અભિનંદન પણ પાકિસ્તાનમાં પહોંચી ગયા હતા. જ્યાં તેમને પાકિસ્તાની સેનાએ બાનમાં પકડી લીધા હતા. જો કે ભારતના તીવ્ર રાજદ્વારી પગલાના કારણે પાકિસ્તાનને અંતે છોડી દેવાની ફરજ પડી હતી. અભિનંદને જોરદાર સાહસનો પરિચય આપ્યો હતો.

ટચૂકડી જાહેર ખબર
**અટક બદલી**
આથી હું જાહેર કરું છું કે, મારું નામ મિસ્ત્રી વાસુદેવ હરગોવિંદભાઈ હતું તે હવેથી બદલીને પંચાલ વાસુદેવ હરગોવિંદભાઈ રાખેલ છે.
એલ-૯/૧૫૨, પુષ્પક એપાર્ટમેન્ટ, સેકટર-૧૩/બી, ગાંધીનગર
મો. ૯૭૨૭૦ ૮૫૮૭૩

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
**જાહેર નિવિદા નં. ૧ સને ૨૦૧૯-૨૦**
ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ / જાહેર આરોગ્ય સુખાકારી પેટા વિભાગ દ્વારા નોંધાયેલ ઠેકેદારો / ઓથોરાઈઝ ડીલર પાસેથી હિંમતનગર પેટા વિભાગના કામ સાબર સ્પોર્ટસ સ્ટેડિયમ, હિંમતનગર ખાતે તા. ૨૮/૮/૨૦૧૯ થી ૯/૯/૨૦૧૯ સુધી યોજાનાર આર્મી ભરતી મેળો-૨૦૧૯ માટે પીવાના પાણીની વ્યવસ્થા કરવાના કામ માટેની અંદાજીત કિંમત ૧.૪૮ લાખ માટે ફક્ત રજી.પો.એ.ડી.થી બંધ કવરમાં ભાવો નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય સુખાકારી પેટા વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ભોંયતળીયે, જલભવન, નવા સરકીટ હાઉસ પાસે, હિંમતનગર-૩૮૩૦૦૧ (ફોન નં. ૨૭૭૨-૨૪૬૪૨૬) જી. સાબરકાંઠા દ્વારા માંગવામાં આવે છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ : ૨૧/૮/૨૦૧૯ છે. જ્યારે ટેન્ડરો પરત લેવાની છેલ્લી તારીખ : ૨૭/૮/૨૦૧૯ રાખવામાં આવેલ છે. ભરેલ ટેન્ડર કોઈપણ પ્રકારનું કારણ આપ્યા વગર રદ કરવાનો નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીને અબાધિત અધિકાર રહેશે. ટેન્ડર અંગેની વધુ માહિતી www.gwssb.gujarat.gov.in તેમજ www.statetenders.com ઉપર મુકવામાં આવેલ છે. આ જાહેરખબરની વધુ વિગત કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. ગ્રામ્ય પા.પુ. યોજનામાં પીવાના પાણીની સમસ્યા અર્થે ટોલ ફ્રી નં. ૧૯૧૬ ઉપર સંપર્ક કરવો. હવે પછીનો કોઈપણ સુધારો હશે તે ફક્ત વેબસાઈટ પર જોવા મળશે.
નામાનિ/હિંમત/૧૮૬/૧૯

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ashirvad BENELAVE DR.FIXIT TATA STEEL • PIPES • SHEETS ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ